# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-03-2025 Day: Tuseday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ઘઉંની ટેકાના ભાવની ખરીદી :

રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫ -૨૬ માં ઘઉંની લઘુતમ ટેકાના ભાવે ૨,૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના દરે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે ખરીદી કરવામાં આવશે.

આ માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે ગત પહેલી જાન્યુઆરીથી ૧૬ માર્ચ સુધી હાથ ધરવામાં આવી હતી. જેની તારીખ લંબાવીને ૦૫ એપ્રિલ સુધી કરવામાં આવી છે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને અપીલ કરાઈ છે

લઘુતમ ટેકાના ભાવે પોતાના પાકનું વેંચાણ કરવાના ઈચ્છા ધરાવતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરવી ફરજીયાત હોવાથી આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરાયો છે.

ખરીદી માટે નોધણી કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે તેમજ ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે તેમ પણ એક યાદીમાં જણાવાયું છે.

---

## ભુજ-રાજકોટ ટ્રેન સ્ટોપ :

તાજેતરમાં શરૂ થયેલી ભુજ -રાજકોટ ટ્રેનને અંજાર અને આદિપુરમાં સ્ટોપ આપવા અંગે પશ્ચિમ રેલવે દ્વારા નિર્ણય લેવામાં આવતા લોકોએ આનંદની લાગણી વ્યક્ત કરી છે.
આ બંને શહેરોમાં સ્ટોપની સાથે ટ્રેનના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. આવતીકાલથી ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન નંબર 09446 ભુજથી સવારે 6 વાગીને 50 મીનીટે કલાકે ઊપડશે. અંજાર સ્ટેશન પર આગમન 7 વાગીને 18 મીનીટે થશે અને 7 ને 20 એ પ્રસ્થાન થશે. તેમજ 7 ને 29 મીનીટે આ ટ્રેન આદિપુર સ્ટેશનને પહોંચશે. જયારે બપોરે ૧ વાગીને 15 મીનીટે તે રાજકોટ પહોંચશે. એ જ રીતે રાજકોટ-ભુજ સ્પેશિયલ ટ્રેન નંબર 09445 રાજકોટથી અઢી વાગ્યે ઊપડશે અને આદિપુર સ્ટેશન પર આગમનનો સમય સાંજે ૭ ને ૨૭ જયારે અંજાર સ્ટેશન પર ૭ ને ૩૬ મિનીટનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ ટ્રેન ભુજ રાત્રે ૮ વાગીને ૫૫ મીનીટે પહોચશે.
અંજારમાં આ વિશેષ ટેનનો સ્ટોપ મળતાં શહેરની વિવિધ સંસ્થાઓ , વેપારી સંગઠનો તથા સામાન્ય નાગરિકોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

---

## પુરાતત્વ ખાતાની કચેરી નવીનીકરણ :

જિલ્લા મથક ભુજમાં બેસપોર્ટની સામે આવેલી પુરાતત્વ ખાતાની કચેરીના નવીનીકરણની કામગીરી હાથ ધરાશે.

પુરાતત્વ વિભાગે આ માટે માર્ગ અને મકાન વિભાગ પાસેથી મિલકત પોતાના હસ્તગત કરીને નવી બનાવવા માટે ડિઝાઇન અને અંદાજા તૈયાર કર્યા છે. આ માટે અંદાજિત 4 કરોડનો ખર્ચ નિર્ધારિત કરવામાં આવ્યો છે. નવી ડિઝાઇન તૈયાર

કરવામાં આવી છે તેમાં 'આર્ક્યોલોજીકલ ગેલેરી' બનાવવામાં આવશે તેમ પણ જાણવા મળ્યું છે.

આ ગેલેરીમાં કચ્છના વિવિધ સ્થળેથી ખોદકામ દરમિયાન એકઠા કરવામાં આવેલા પુરાતત્વીય અવશેષોના નમુના પ્રદર્શનમાં મુકાશે.

---------------------------------------------------------------------------------

## રવિ પાકની કાપણી :

---

નખત્રાણા પંથકમાં રાયડો, ધાન અને ઘઉં જેવા મુખ્ય પાકો હવે પાકવા લાગ્યા છે. અને તેમને સમયસર કાપવા માટે ખેડૂતો મશીનરી અને મજુરો સાથે વ્યસ્ત બન્યા છે.

નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો દેવપર , સાયરા, અંગિયા, ધાવડા, પલીવાડ, ભડલી, થરાવડા, વિથોણ પંથકમાં ઘઉંના વાવેતર બાદ જમીન હરિયાળી બની ગઈ હતી. હાલ પાક તૈયાર થઇ જતાં આ વિસ્તાર સોનેરી બની ગયો છે. રવિ પાકની કાપણી માટે છેક પંજાબથી આવેલા આધુનિક મહાકાય હર્વેસ્તર યંત્રોનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------------------

## આંબાના ફાલને નુકશાન :

આ વખતે ગરમીનો પ્રકોપથી આંબાના ફાલને નુકસાન થતા દેશલપરથી વેસલપર સુધીના રોહા પંથકના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. બદલાતી મોસમમાં ઝાકળ-ગરમીને કારણે આંબાના છોડ ઉપર લાગેલી સંખ્યાબંધ કુમળી કેરીઓ પડીને ખરી

ગઇ છે, જેનાં કારણે આંબાનાં અનેક વૃક્ષો ફળવિહોણા બની ગયા હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

આ વખતે આંબાનાં ઝાડમાં પુષ્કળ પ્રમાણમાં મોર લાગ્યા હતા, જેને જોઇને ખેડૂતોને વિપુલ ઉત્પાદનની આશા હતી , પરંતુ ઝાકળ, ગળો અને ગરમીના કારણે આંબા ઉપર લાગેલી કુમળી કળી બળી ગઇ છે , જેથી આ વખતે કેરીના ઉત્પાદનને મોટા પાયે અસર થવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે .

---------------------------------------------------------------------------------------

## યુવા સંસદ :

જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ભુજ દ્વારા આવતીકાલે કચ્છ યુનીવર્સીટી ખાતે યુવા સંસદનું આયોજન કરાયું છે ૧૫ થી ૨૯ વર્ષની વય જૂથ ધરાવતા કચ્છના યુવક યુવતીઓ આ કાર્યક્રમમાં ભાગ લઇ શકાશે. જેમાં જુદા જુદા ૩ વિષય પર ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પાંચ મિનીટની સમય મર્યાદામાં પોતાનું વક્તવ્ય આપવાનું રહેશે. ભાગ લેવાની ઈચ્છા ધરાવતા યુવાનોએ આવતીકાલે કચ્છ યુનીવર્સીટી ખાતે હાજર રહેવાનું રહેશે.

---------------------------------------------------------------------------------------

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 માર્ચે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે.

આ માસિક રેડિયો કાર્યક્રમની ૧૨૦મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ

નરેન્દ્ર મોદી એપ અથવા MyGov Open Forum દ્વારા પણ પોતાના અભિપ્રાય રજૂ કરી શકે છે.

આગામી કડી માટે સૂચનો 28 માર્ચ સુધી મોકલી શકાશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , AIR ન્યૂઝ વેબસાઇટ અને NewsOnAir મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું AIR ન્યૂઝ, DD ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે.

---------------------------------------------------------------------------------

## આઈ પી એલ :

આઇપીએલની 18 મી આવૃત્તિમાં ગુજરાત ટાઇટન્સ આજે અમદાવાદમાં પંજાબ કિંગ્સ સામે તેનાં આઇપીએલ અભિયાનનો પ્રારંભ કરશે. આ મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

---------------------------------------------------------------------------------